# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

## પ્રિ-પરીક્ષા (પરીક્ષા-૦૧)

યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૫

ફોન નં.(૦૨૮૧)૨૫૭૮૫૦૧ એક્સટે. નં. ૭૩૬,૭૩૭,૭૩૮ ફેક્સ નં.(૦૨૮૧)૨૫૭૬૩૪૭ ઈ-મેઈલ :exam01@sauuni.ac.in


નં./પરીક્ષા/૦૧/ 2602990/૨૦૨૬ તા.30-0૪-૨૦૨૬

વિષય:- પરીક્ષાનાં આવેદનપત્રમાં વિષય સુધારો કરવા બાબત

સંદર્ભ:- અત્રેના વિભાગના તા. ૨૯-૦૬-૨૦૨૪નાં પરીપત્ર ક્માંક નં પરીક્ષા/૦૧/૩૯૯/૨૦૨૪.

પરીપત્ર :-

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ વિદ્યાશાખાઓની કોલેજનાં આચાર્યશ્રીઓ / યુનિવર્સીટી સ્થિત ભવનના અધ્યક્ષશ્રીઓ તથા માન્ય સંસ્થાઓના વડાશ્રીઓને જણાવવાનુ કે અત્રેનાં વિભાગ દ્વારા જુદી-જુદી ફેકલ્ટીઓના જુદા-જુદા પરીક્ષાઓના ફોર્મ ભરવા માટે જે તે સમયે પરીક્ષા વિભાગ દ્વારા પરીપત્ર કરવામા આવે છે અને કોલેજ/ભવન દ્વારા પરીક્ષા ફોર્મ ભરવાની કાર્યવાહી કરવામાં આવતી હોય છે, કોલેજ અને ભવન દ્વારા પરીક્ષા ફોર્મ ભરતી વખતે સોફ્ટવેરમાં વિધાર્થીઓના વિષયમાં વિધાર્થીએ રાખેલ સાચા વિષયના બદલે ખોટા વિષયમાં ટીક માર્ક થતા વિધાર્થીનું પરીક્ષા ફોર્મ સાચા વિષયનાં બદલે ખોટા વિષયમાં ભરાય જાય છે, આ બાબતની જાણ વિધાર્થીઓ / કોલેજને હોલ ટીકીટ જનરેટ થયા બાદ થાય છે.

વધુમાં પરીક્ષા ફોર્મના અનુસંધાને જ પરીક્ષા વિભાગ દ્વારા સમય પત્રક, બારકોડ સ્ટીકર અને ઇન્ટરનલ માર્કસની એન્ટ્રીની કાર્યવાહી થતી હોય છે, જેથી સમય પત્રકમાં, બારકોડ સ્ટીકરમાં તેમજ ઇન્ટરનલ માર્કસ એન્ટ્રી કરવામાં પણ મુશ્કેલી ઉભી થાય છે.

ઉપરોકત બાબતોને ધ્યાને લેતા કોલેજ દ્વારા વિધાર્થીઓના પરીક્ષા ફોર્મ ચોક્સાઇથી ભરવા માટે વિનંતી કરવામાં આવે છે તેમજ જો વિદ્યાર્થીનાં પરીક્ષા ફોર્મમાં વિષયમાં સુધારો કરવાની કાર્યવાહી કરવાની થાય તો હોલ ટીકીટ ઇસ્યુ થયાના દિવસ ૦૨ ની અંદર જ પરીક્ષા વિભાગ દ્વારા વિષય ફેરફાર કરી આપવામાં આવશે, ત્યાર બાદ આવેલ વિષય ફેરફારની અરજી અંગેની કાર્યવાહી કોઈ પણ સંજોગોમાં કરવામાં આવશે નહી જેની નોંધ લેશો તેમજ આ બાબતની જાણ સંબંધિત કોલેજનાં સ્ટાફ તથા વિદ્યાર્થીઓના ધ્યાન પર મુકશો.

પરીક્ષા નિયામક

નકલ રવાના :-

(૧) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમાંમ વિદ્યાશાખાના આચાર્યશ્રીઓ તરફ

(૨) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન ભવનના અધ્યક્ષશ્રીઓ

(૩) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ચાલતા અનુસ્નાતક કેન્દ્ર અને માન્ય સંસ્થાના વડાઓ તરફ

(૪) પ્રાગામરશ્રી, પરીક્ષા કોમ્પ્યુટર વિભાગ જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે

નકલ સાદર રવાના:- (જાણ સારૂ)

(૧) માન. કુલપતિશ્રી/માન.કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી તરફ